# કચરાના વ્યવસ્થાપનની નવી નીતિ શહેરો-ગામડાંઓમાં સ્વચ્છતા લાવશે?

‘સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ-2026’ આ વર્ષના એપ્રિલ મહિનાની પહેલી તારીખથી લાગુ થઈ ચૂક્યા છે. અત્યાર સુધી વેસ્ટ મેનેજમેન્ટમાં દસ વર્ષ અગાઉના રૂલ્સ મુજબ અમલ થઈ રહ્યો હતો. હવે તેના સ્થાને નવા નિયમો આવ્યા છે. જોકે સાડા ચાર મહિનાથી સોલિડ વેસ્ટ મેનેજમેન્ટની નવી નીતિ અમલી બની હોવા છતાં તે અનુસાર જમીની સ્તરે કામ દેખાતું નહોતું. તેથી તેનું સંજ્ઞાન લઈને હવે સર્વોચ્ચ અદાલતે કેન્દ્ર સરકારને 2026ના રૂલ્સનું કોઈ ઉલ્લંઘન ન થાય તે માટે ગાઈડલાઈન ઘડવાનું સૂચન કર્યું છે. ન્યાયમૂર્તિ પી. એસ. નરસિમ્હા અને આલોક અરાધેએ વેસ્ટ મેનેજમેન્ટ સંદર્ભે માત્ર કાયદા ઘડીને નહીં, પરંતુ તેનું અસરકારક અમલી માળખું અને જવાબદારી નિર્ધારિત કરવાની નોંધ કરી છે.

આ મુદ્દો સર્વોચ્ચ અદાલત સુધી પહોંચ્યો તેનું એક કારણ આપણે ત્યાં મોટા શહેરોથી માંડીને નાના નગરોમાં થઈ રહેલા કચરાના ઊંચા ઢગલા છે. ઘણાં શહેરોમાં તો આ પર્વતો એટલા ઊંચા થઈ ગયા છે કે તેને કિલોમીટરોના અંતરેથી જોઈ શકાય છે. જેમ કચરાના ઢગલા છે તેમ શહેર કે ગ્રામિણ વિસ્તારોમાં ગંદકી પણ દૂર થઈ નથી. હવે આ સ્થિતિ કેમ આવી કે કચરાના વ્યવસ્થાપન સંદર્ભે નવા રૂલ્સ ઘડવાની જરૂર પડી અને સાથે સાથે સર્વોચ્ચ અદાલતે પણ કેન્દ્ર સરકારને ટકોર કરવી પડી?

પહેલાં તો કચરા સંબંધે દાવાઓ ખૂબ થયા, અને તેમાં પણ 2014માં જ્યારે વર્તમાન ‘એનડીએ’ (નેશનલ ડેમોક્રેટિક અલાયન્સ) સરકાર આવી ત્યારે ‘સ્વચ્છ ભારત મિશન’ લોન્ચ પણ કરવામાં આવ્યું હતું. આ મિશનના બે મુખ્ય ઉદ્દેશ હતા. એક, ખુલ્લામાં શૌચથી મુક્તિ અને બીજું, સોલિડ વેસ્ટ મેનેજમેન્ટની સ્થિતિમાં સુધારો. આ અગાઉની કેન્દ્ર સરકારે પણ આ સંબંધિત અનેક કાર્યક્રમો ચલાવ્યા હતા. ચોક્કસ તેનાથી સ્થિતિ બહેતર થઈ છે; પરંતુ સ્વચ્છતા મામલે નિરંતર કામ અને તેના માપદંડ સતત ઊંચા રાખવાના હોય છે. તેથી જ હવે જે નીતિ ઘડવામાં આવી છે તે અંતર્ગત સોલિડ વેસ્ટ મેનેજમેન્ટનું એક સેન્ટ્રલાઈઝ્ડ પોર્ટલ પણ શરૂ કરવામાં આવ્યું છે.

શહેરમાં કોર્પોરેશનથી માંડીને ગ્રામિણ સ્તરે પંચાયતોની ભૂમિકા નિર્ધારિત હતી જ, પરંતુ તેમાં વધુ કેટલીક જવાબદારી ઉમેરીને ભૂમિકા નક્કી કરવામાં આવી છે. એટલું જ નહીં, રેલવે સ્ટેશન, એરપોર્ટ અને અન્ય જાહેર સંસ્થાઓમાં પણ કેવી રીતે વેસ્ટ મેનેજમેન્ટનો અમલ થાય તેનો નિર્દેશ કરવામાં આવ્યો છે. વિશેષ કરીને શહેરોમાં ગંદકીનો પ્રશ્ન વધુ વિકટ છે અને તે અંગેનો નિર્દેશ રૂલ્સ-2026માં કરવામાં આવ્યો છે.

આ નિર્દેશ ઠોસ છે અને તેમાં જવાબદાર અધિકારી અને શાસકોને ક્યાંય છટકી શકાય એમ નથી. તેમની જવાબદારી બરાબર નિશ્ચિત કરવામાં આવી છે. કાગળ પર જે મૂકવામાં આવ્યું છે તેનાથી તો આ રૂલ્સ ખૂબ અસર પાડનારા લાગે છે. જેમ કે, વેસ્ટ મેનેજમેન્ટ માટે વૉર્ડ મુજબ મેપિંગ કરવાનું સૂચન છે. તેમાં રેલવે સ્ટેશન, બસ સ્ટેશન અને ધાર્મિક સ્થળોને પણ સમાવિષ્ટ કરવામાં આવ્યા છે. કચરો એક સ્થળેથી જ્યાં તેનો સંગ્રહ થાય ત્યાં સુધી પહોંચાડવા માટેની પરિવહન યોજના, અને એ સિવાય નદી, તળાવ, સરોવર કે કુદરતી રીતે પાણીનો સંગ્રહ થતો હોય ત્યાં કચરો ન જાય તેની પૂરતી કાળજી લેવાની જોગવાઈ કરવામાં આવી છે. એટલું જ નહીં, જ્યાં કચરો ગયો હોય ત્યાંથી તેને દૂર કરવાની પણ સમયસીમા નક્કી કરવાનું સૂચન કરવામાં આવ્યું છે.




**જે રૂલ્સ અમલી બન્યા છે તેનો અમલ થાય છે કે નહીં તે માટે પણ ‘રાજ્ય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ’ અથવા ‘પ્રદૂષણ નિયંત્રણ સમિતિ’ને કેન્દ્રિય પોર્ટલ પર રજિસ્ટ્રેશન કરીને શહેરની કચરા વ્યવસ્થાપનની યોજના અપલોડ કરવાની તાકીદ કરવામાં આવી છે**

**પગરવ**
**★ પ્રશસ્ત પંડયા**

જે રૂલ્સ અમલી બન્યા છે તેનો અમલ થાય છે કે નહીં તે માટે પણ ‘રાજ્ય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ’ અથવા ‘પ્રદૂષણ નિયંત્રણ સમિતિ’ને કેન્દ્રિય પોર્ટલ પર રજિસ્ટ્રેશન કરીને શહેરની કચરા વ્યવસ્થાપનની યોજના અપલોડ કરવાની તાકીદ કરવામાં આવી છે. કચરાના વ્યવસ્થાપન માટે નોડલ અધિકારી, વાર્ષિક અહેવાલ તથા અન્ય અનેક વિગતો કેન્દ્રના વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ સુધી પહોંચે તે માટે પણ જોગવાઈ કરવામાં આવી છે.

‘રાજ્ય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ’ પર પણ અનેક જવાબદારીઓ મૂકવામાં આવી છે. જોકે આ વર્ષની શરૂઆતની જ એક સ્ટોરી છે, જેમાં પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ પાસે પૂરતો સ્ટાફ નથી તેવો અહેવાલ છે. આ નોંધ ‘કેગ’ (કમ્પ્ટ્રોલર એન્ડ ઑડિટર જનરલ)ના અહેવાલમાં લેવામાં આવી હતી. રાજ્યમાં નદીઓના પ્રદૂષિત થતા પાણીનો પ્રશ્ન દાયકાઓ જૂનો છે, પરંતુ તે અંગે ક્યારેય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ ખોંખારીને બોલતું નથી. એ રીતે સમયાંતરે રાજ્યનું પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ ઘેરામાં આવતું રહે તેવી ઘટનાઓ પણ બને છે.

જેમ કે, બે મહિના અગાઉ રાજકોટમાં આવેલી બાલાજી વેફર્સની મેન્યુફેક્ચરિંગમાંથી નીકળતું પાણી ન્યારી નદીમાં છોડવાનો આક્ષેપ થયો હતો. સ્થાનિક લોકોએ તેની ફરિયાદ કરી હતી. પરંતુ આ અંગે ‘ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ’ના અધિકારીઓએ પોતાનો પક્ષ રજૂ કરતાં જણાવ્યું હતું કે અમને અહીંથી કોઈ દૂષિત પાણી નદીમાં જતું હોય તેવું લાગ્યું નહોતું. આવી તો અનેક ઘટનાઓ છે, જેમાં સરકાર કે લાગતીવળગતી સંસ્થાઓ કોઈ ઠોસ પગલાં લેતી નથી.

‘સ્વચ્છ ભારત મિશન’ અંતર્ગત અનેક કાર્યક્રમો છે, તેમાંથી એક છે ‘ગાર્બેજ ફ્રી સિટી’, એટલે કે કચરાથી મુક્ત શહેર. પરંતુ આ અંગે જ્યારે પોર્ટલ પર વિગત જોઈએ તો તેમાં માત્ર આંકડાઓ છે; લખાણમાં અહેવાલ નથી. સમગ્ર દેશનું એક ચિત્ર અહીં આપી દેવાયું છે, પરંતુ તે તો સરકારે આપ્યું છે. તેના અહેવાલની ખરાઈ થાય તેવો કોઈ આધાર તેમાં મૂકવામાં આવ્યો નથી.

ઘણી જગ્યાએ આંકડા મૂકવામાં આવ્યા છે, તેનો જો આધાર લઈએ તો તેની ખરાઈ જાતે કરવાની થાય. જેમ કે, ગુજરાતમાં ડોર-ટુ-ડોર કચરાના કલેક્શનની ટકાવારી 100 દર્શાવવામાં આવી છે. તે પછી અલગ-અલગ કચરાની વહેંચણીનો દર પણ 100 ટકા છે અને તે કચરો પ્રોસેસ્ડ કેટલા ટકા થાય છે તેમાં ટકાવારી 98 દર્શાવવામાં આવી છે. આ આંકડા સરકારના છે, પરંતુ 2020ના ‘ઇન્ડિયન એક્સપ્રેસ’ના અહેવાલમાં એવી વિગત છે કે ગુજરાતમાં કોર્પોરેશન કે નગરપાલિકામાં ઉદ્ભવતો કચરો જ્યારે ડમ્પિંગ સાઈટ પર પહોંચે છે ત્યારે તેમાંથી 75 ટકા કચરો કોઈ પ્રોસેસ થયા વિના પહોંચે છે. ‘ઇન્ડિયન એક્સપ્રેસ’ના આ અહેવાલમાં આધાર ‘કેગ’ના રિપોર્ટનો આપવામાં આવ્યો છે.

તે પછી પણ 2024ના ‘ટાઇમ્સ ઑફ ઇન્ડિયા’ના અહેવાલમાં વેસ્ટ ડિસ્પોઝલ અંગેના સમાચાર છે, જેમાં સરકારની બેદરકારી દેખાય છે. અમદાવાદ, સુરત, રાજકોટ અને વડોદરામાં સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ માટે વેસ્ટ-ટુ-એનર્જી પ્લાન્ટ બનાવવાની વાત હતી, પરંતુ તે કામ સતત અટકતું રહ્યું. હવે છેક તે શરૂ થયા છે.

વેસ્ટ મેનેજમેન્ટ સંદર્ભે ઘણાં પાસાં પર વાત થઈ શકે. હાલમાં અમદાવાદમાં આવેલા પિરાણા કચરાના ઢગલાની રાષ્ટ્રીય સ્તરે ખૂબ ચર્ચા થઈ છે. અમદાવાદ શહેરનો કચરો અહીં ઠલવાય છે અને આ કચરાના ઢગલાને હટાવવાના તથા તે કચરાને એનર્જીમાં પરિવર્તિત કરવાના અનેક પ્રયાસ થયા હોવા છતાં કચરાના આ ડુંગરોના આકારમાં ઝાઝો ઘટાડો થયો નથી. નવા રૂલ્સ આવ્યા છે તેને દસ વર્ષ અગાઉની વેસ્ટ મેનેજમેન્ટ નીતિ સાથે સરખાવીએ તો અગાઉ અર્બન વેસ્ટનું મેનેજમેન્ટ થાય, તેનું સેગ્રેગેશન એટલે કે કચરાના પ્રકાર પ્રમાણે તેને અલગ કરવામાં આવે અને તે પછી તેનું પ્રોસેસિંગ થાય. પરંતુ આ વર્ષે અમલી બનેલા રૂલ્સમાં વેસ્ટ મેનેજમેન્ટની દેખરેખ રાષ્ટ્રીય સ્તરે થશે. ઉપરાંત કચરાના પ્રકાર પ્રમાણે અલગ-અલગ કચરાનું વધુ સૂક્ષ્મ રીતે વિભાજન થશે. તે પછી તેના રિસાઇકલિંગનું આયોજન થશે. ઘણાં કિસ્સામાં તેનાથી એનર્જી મેળવવાનું તંત્ર ગોઠવવામાં આવશે. અને આ બધી જ બાબતોનું પાલન ચુસ્ત રીતે થાય તેની વ્યવસ્થા કરવામાં આવશે. તેમાં ટ્રેકિંગ ડિજિટલ રીતે થશે.

કચરાના વ્યવસ્થાપનમાં પ્રાથમિક સ્તરે જે સૌથી અગત્યની બાબત નોંધવામાં આવે છે તે એ છે કે ઘરેથી જ કચરાને ચાર વિભાગમાં અલગ કરવામાં આવે. પ્રથમ, ગ્રીન ડસ્ટબિનમાં ઑર્ગેનિક, રસોડાનો કચરો અને એઠવાડ હોવો જોઈએ. તે પછી બ્લ્યુ ડસ્ટબિનમાં રિસાઇક્લેબલ મટીરિયલ્સ, પ્લાસ્ટિક, પેપર, કાર્ડબોર્ડ, કાચ અને કોઈ ધાતુ પણ હોઈ શકે. રેડ ડસ્ટબિનમાં ઉપયોગમાં લેવાયેલા ડાયપર, સેનેટરી નેપકીન અને પેડ હોવા જોઈએ અને સૌથી છેલ્લે ચોથા બ્લેક ડસ્ટબિનમાં પેઈન્ટના ડબ્બા, બેટરી, બલ્બ અને દવાઓ હોવી જોઈએ.

સોલિડ વેસ્ટ મેનેજમેન્ટના રૂલ્સમાં વિગતે બધી જોગવાઈઓ રજૂ કરવામાં આવી છે. પ્રજા તરીકે આપણે પણ તેમાં યોગદાન આપવું જોઈએ અને આપણી જવાબદારી સમજવી જોઈએ. ઉપરાંત સરકારની શું જવાબદારી બને છે તેના પર પણ નજર રાખવી જોઈએ. નવા નિયમો માત્ર કાગળ પર ન રહે, પરંતુ શહેરો અને ગામડાંની જમીન પર તેની અસર દેખાય, તો જ કચરાના ઊંચા ઢગલા અને ગંદકીમાંથી ખરેખર મુક્તિ મળી શકે.

